જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૭/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૦૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૭૯ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૧૩ બીયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૩૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૦૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૦૮/૨૦૨૬**

કાગડાપીઠઃ રોનકભાઇ ધર્મેન્દ્રકુમાર શાહ (ઉ.વ.૩૩) (રહે. આદર્શ ટેનામેન્ટ સામે લલીતા સોસાયટી ઇસનપુર) એ તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી–૨૦૨૬ પહેલા સારંગપુર ન્યુ કલોથ માર્કેટમાં ઓફીસ નંબર ૨૦૧ માળીયામા બાલકૃષ્ણ ફેબ્રીક નામની રોનકભાઇ શાહ નાઓની ઓફીસ ખાતે સેલ્સમેન તરીકે નોકરી કરતા (૧) પ્રદિપ રતનલાલ પારેખ (રહે. પુષ્કર એલીગન્સ પાર્થેશ્વર મહાદેવની બાજુમાં ઇસનપુર) એ માહે ઓક્ટોબર–૨૦૨૫ પહેલા વિશ્વાસ કેળવી કાપડનો માલ બારોબાર વેચાણ કરી જે કાપડના માલના રૂપિયા ૧૮,૪૯,૦૧૯/– મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૦૦૯/૨૦૨૬**

નિકોલઃ અંકીત સ/ઓ માનપ્રકાશસિંગ યાદવ (રહે. ગાયત્રીનગર વિભાગ–૧ દુર્ગા સ્કુલ પાસે રેલવે ક્રોસીંગ ચાંદલોડીયા) એ તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૨૬ થી તા.૧૫/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) પ્રિન્સ સ/ઓ સુનિલકુમાર ગુપ્તા (રહે. કલા સાગર હાઈટ્સ બેન્ક ઓફ બરોડા પાસે ન્યુ રાણીપ) તથા (૨) પ્રિન્સ ગુપ્તાના મિત્ર એ ભેગા મળી નિકોલ નેશનલ હેન્ડલુમ સામે દેવમ ઓટો ગેરેજ ખાતે સર્વીસમાંથી ફોર્ડ કંપનીની એંડઓવર ગાડી નંબર જીજે ૧૨ ડીએમ ૨૪૭૪ કિમત રૂપિયા ૧૭,૦૦,૦૦૦/– ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જગદીશભાઇ ગણેશભાઇ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ– **સમાચાર ચાદી નં.૧૦૧૦/૨૦૨૬**

શહેરકોટડાઃ કમુબહેન મોહનભાઇ પરમાર (ઉ.વ.૬૦) (રહે. મંસુરીની ચાલી નંબર–૩ રાજપુર ગોમતીપુર) એ તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કમુબહેન પરમાર નાઓ તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ સરસપુર ચાર રસ્તા ખાતે રથયાત્રા જોવા ગયા હતા ત્યારે એક પુરૂષ કમુબહેન પરમારના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૨૩,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી પંકજકુમાર લશ્કરદાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી